સ્વામિશ્રીજી



# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧ જાન્યુઆરી, સોમવાર...** સવારે વિદેશનાં કેન્દ્રો પરથી વિન્ટર રિટ્રીટમાં પધારેલ સૌ યુવાનોને લઈને સોખડા પધાર્યા. ગામમાં પ્રસાદીના મંદિરે દર્શનાર્થે પધારી મંદિર મહિમાદર્શન કરાવી સૌને આશીર્વાદ પાઠવ્યા. ત્યાંથી હરિધામ મંદિરે દર્શનાર્થે પધાર્યા. પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી અને સંતોના સ્વાગતના ભાવ ઝીલી સભામાં સૌને આશીર્વાદ પાઠવ્યા. સાંજે ચિરાગવન ગોસ્વામી-ભારતીબહેનની દીકરી ચિ. ક્રિષ્ના-ચિ. મીતકુમારનાં લગ્નમાં પધારી નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા.

**૨ જાન્યુઆરી, મંગળવાર...** વહેલી સવારે દેશ-વિદેશના ૨૦૦ જેટલા યુવાનો-ભક્તોને લઈને અમદાવાદથી ફ્લાઈટમાં લખનૌ પધાર્યા. સ્થાનિક અક્ષરમુક્તોના ભાવ ઝીલી અયોધ્યા પધાર્યા. હનુમાન ગઢીના મહંત પ.પૂ. કલ્યાણદાસજી મહારાજે સૌને આવકાર્યા. તેઓ સાથે મંદિરે દર્શન કરી યજ્ઞમાં આહુતિ અર્પણ કરી. ત્યારબાદ નિર્માણ થઈ રહેલા નૂતન શ્રી રામમંદિરનાં તેમજ શ્રી રામલલ્લાની મૂર્તિનાં દર્શન કર્યાં. ત્યાંથી નીકળી મોડી રાત્રે છપૈયા મંદિરે પધાર્યા. સ્થાનિક નિષ્ઠાવાન ભક્ત ભાનુપ્રતાપનાં માર્ગદર્શન હેઠળ સૌ ગ્રામજનોએ ઢોલ-નગારાં વગાડી સુંદર સ્વાગત કર્યાં.

**૩ જાન્યુઆરી, બુધવાર...** સૌ યુવાનો સાથે વહેલી સવારે ઘનશ્યામ મહારાજના પ્રાગટ્યસ્થાને ધૂન-પ્રાર્થના કરવા માટે પધાર્યા. મંગળા તેમજ શણગાર આરતી-દર્શનનો લાભ લીધો. આખો દિવસ છપૈયા મંદિરમાં રહીને ધૂન-પ્રાર્થના કરી અને સૌ યુવાનોને સત્સંગલાભ આપ્યો. સાંજે મહોમદપુર ગામમાં ભાનુપ્રતાપના ઘરે પધરામણી કરી, સભામાં મોટી સંખ્યામાં પધારેલ સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૪ જાન્યુઆરી, ગુરુવાર...** સવારે છપૈયા મંદિરે પ્રાગટ્યસ્થાનમાં સ્થાનિક સંતોનાં સાંનિધ્યે વિદાય-મિલન સભામાં લાભ આપ્યો. મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજનાં દર્શન-પ્રાર્થના કરીને લખનૌ થઈ ફ્લાઈટમાં દિલ્હી પધાર્યા.

**૫ જાન્યુઆરી, શુક્રવાર...** સૌ યુવાનોને લઈને અક્ષરધામ મંદિરે દર્શન માટે પધાર્યા. સ્થાનિક સંતો-વડીલ અક્ષરમુક્તોના સ્વાગતભાવ ઝીલ્યા અને સત્સંગ-ગોષ્ઠિનો આનંદ માણ્યો.

**૬ જાન્યુઆરી, શનિવાર...** સવારે લૅમન ટ્રી હૉટેલમાં યોજેલ યાત્રાની પૂર્ણાહુતિ સભામાં પધારી સમગ્ર યાત્રાની સેવામાં વ્યસ્ત સંતો, ભક્તોનાં અભિવાદન કરી આશીર્વાદ પાઠવ્યા. યુવાનો દ્વારા પુછાયેલ પ્રશ્નોના જવાબ સ્વરૂપે આશીર્વાદ અને સત્સંગલાભ આપ્યો. ત્યાંથી પ્રધાનમંત્રી સંગ્રહાલય નિહાળવા માટે પધાર્યા. રાત્રે દિલ્હી મંદિરમાં પધાર્યા, જ્યાં પ.પૂ. મુકુંદજીવન સ્વામીજી અને સંતો, પ.પૂ. આનંદીદીદી અને સંત બહેનો તેમજ સ્થાનિક ભક્તો દ્વારા સુંદર સ્વાગત થયાં. મંદિરના હૉલમાં યોજેલ સભામાં પધાર્યા. આ પ્રસંગે જૈન સમાજના ક્રાંતિકારી સાધુ પ.પૂ. લોકેશ મુનિ પધાર્યા હતા. સભામાં ઉપસ્થિત સૌને આશીર્વાદ આપી હૉટેલ પ્રતિ પ્રયાણ કર્યું.

**૭ જાન્યુઆરી, રવિવાર...** સવારે દિલ્હી ઍરપૉર્ટથી અમદાવાદ પધાર્યા. અમદાવાદ ઍરપૉર્ટ પર સૌ સ્થાનિક ભક્તોના સ્વાગતના ભાવ ઝીલી સભામાં આશીર્વાદ પાઠવ્યા. સાંજે બ્રહ્મજ્યોતિ પધાર્યા, સૌ સંતો-ભક્તોના સ્વાગતભાવ ઝીલી નિજ મંદિરે તેમજ 'અક્ષરમહોલ'માં દર્શનાર્થે પધાર્યા. બ્રહ્મસ્વરૂપ પ.પૂ. કાકાજી મહારાજની સ્મૃતિમાં યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તનભક્તિનો આનંદ માણી ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૮-૯ જાન્યુઆરી, સોમવાર-મંગળવાર...** બ્રહ્મજ્યોતિમાં પધારેલ સૌ ભક્તોને સત્સંગ-ગોષ્ઠિનો આનંદ કરાવ્યો.

**૧૦ જાન્યુઆરી, બુધવાર...** અમદાવાદ પ્રશાંત પોપટના ઘરે પધારી જિતુભાઈ પોપટના નિરામય સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી તેમજ પરિવારનાં સૌને ગોષ્ઠિનો લાભ આપ્યો. 'યુનિટી'માં નરશીદાસ-ચુનીભાઈના ઘરે પધરામણી કરી પરિવારનાં સૌ મુક્તોને સત્સંગનો આનંદ કરાવ્યો.

**૧૧ જાન્યુઆરી, ગુરુવાર...** બ્રહ્મજ્યોતિ પર નિવાસ કરી સ્થાનિક તથા બહારગામથી પધારેલા મુક્તોને સત્સંગ-ગોષ્ઠિનો આનંદ કરાવ્યો.

**૧૨ જાન્યુઆરી, શુક્રવાર...** સવારે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર મંદિરજીના પ્રાંગણમાં હનુમાન ગઢી, અયોધ્યાના મહંત પ.પૂ. કલ્યાણદાસજી મહારાજને સત્કાર્યા. મંદિરજીમાં દર્શન-પ્રાર્થના કરી સ્વાગતસભામાં તેઓનો લાભ લઈ આશીર્વાદ પાઠવ્યા. પારમિતા સભાખંડમાં ચિ. વિવેક-ચિ. સાત્વીનાં લગ્નની મહાપૂજામાં પધારી

નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા. યોગેન્દ્રભાઈ-મીનુબહેન દ્વારા 'નિજાનંદ રિસૉર્ટ'માં યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તેમજ આ પ્રસંગે પધારેલ અનેક મહાનુભાવોને મુલાકાત આપી ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૧૩ જાન્યુઆરી, શનિવાર...** સાંજે આણંદમાં ચરોતર ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત ડી. એન. હાઈસ્કૂલમાં વિદ્યાગુરુ પૂ. વિઠ્ઠલભાઈસાહેબના જન્મદિવસ નિમિત્તે યોજેલ ગુરુવંદના તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનાં સ્નેહમિલન સમારંભમાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૧૪ જાન્યુઆરી, રવિવાર...** ઉત્તરાયણના મંગલ પર્વે નિજ મંદિર તેમજ 'અક્ષરમહોલ'માં ઉપસ્થિત ભક્તોને 'નારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભો !'ની આહલેક દ્વારા પ.પૂ. યોગીબાપાની સ્મૃતિ કરાવી ઝોળી પર્વના આશીર્વાદ આપ્યા.

**૧૫ જાન્યુઆરી, સોમવાર...** સાંજે બ્રહ્મજ્યોતિમાં 'નૈમિષારણ્ય'ના સી-બ્લોકની અગાશી પર ઉત્તરાયણ પતંગપર્વ નિમિત્તે સંતો-ભક્તો સાથે પધારી બ્રહ્માનંદ કરાવ્યો. ત્યારબાદ રાત્રિસભામાં પધારી આશીર્વાદ આપ્યા.

**૧૬ જાન્યુઆરી, મંગળવાર...** બ્રહ્મજ્યોતિ પર નિવાસ કરી સ્થાનિક તથા બહારગામથી પધારેલા મુક્તોને સત્સંગ-ગોષ્ઠિનો આનંદ કરાવ્યો.

**૧૭ જાન્યુઆરી, બુધવાર...** મંદિરજીમાં બૅન્ગકોકથી પધારેલ પૂ. સુરેન્દ્રભાઈ-જાસ્મિનબહેનને તેમજ યુ.એસ.એ.થી પધારેલ પૂ. મીનેશભાઈને સત્કાર્યાં.

**૧૮ જાન્યુઆરી, ગુરુવાર...** દર્શનાર્થે વેમારથી પધારેલ પૂ. ચંદ્રકાંતભાઈને, ચારુતર વિદ્યામંડળના ઉપપ્રમુખશ્રી પૂ. મનીષભાઈ આદિ ભક્તોને મુલાકાત આપી સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૧૯ જાન્યુઆરી, શુક્રવાર...** અનુપમ ભક્તરાજ જિતુભાઈ પોપટ-જ્યોતિબહેનને બ્રહ્મજ્યોતિ પર નિજ મંદિરમાં તેઓના જન્મદિવસના આશીર્વાદ પાઠવ્યા. વિશેષ જિતુભાઈના નિરામય સ્વાસ્થ્ય માટે ધૂન-પ્રાર્થના કરી. યુ.એસ.એ.થી પધારેલ તુષારભાઈ-સુષમાબહેન તેમજ દુબઈથી પધારેલ રાજશ્રીબહેન ઠક્કરને સત્કાર્યાં.

**૨૦ જાન્યુઆરી, શનિવાર...** સાંજે 'વર્ણીકુંજ'માં બિમલભાઈ શેઠ-પૂજાબહેનની દીકરી ચિ. સલોની-ચિ. આકાશનાં લગ્નની પૂર્વસંધ્યાએ 'ધન્ય ગૃહસ્થાશ્રમ' સંગીત કાર્યક્રમમાં પધારી ઉપસ્થિત સૌ મુક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૨૧ જાન્યુઆરી, રવિવાર...** સવારે દુબઈ સ્થિત રાજશ્રીબહેન ઠક્કરના યજમાન હેઠળ આયોજિત યજ્ઞમાં પધારી પ્રાર્થના કરી આશીર્વાદ પાઠવ્યા. કૅનેડા સ્થિત દીપલબહેન શાહના દીકરા ચિ. રાજ-ચિ. પ્રાચીનાં લગ્ન નિમિત્તે યોજેલ મહાપૂજામાં પધારી નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા. સાંજે મંદિરજીના પ્રાંગણમાં ચિ. સલોની-ચિ. આકાશનાં લગ્નપ્રસંગમાં પધારી નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા.

**૨૨ જાન્યુઆરી, સોમવાર...** સવારે 'પારમિતા' સભાખંડમાં ટી.વી. પર અયોધ્યાના નવનિર્મિત શ્રી રામમંદિરમાં થતી મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા વિધિના જીવંત પ્રસારણને સૌ સંતો-ભક્તો સાથે નિહાળી અત્યંત આનંદની અનુભૂતિ કરી. સાંજે પ્રાણપ્રતિષ્ઠાની ખુશાલીમાં મંદિરજીના પ્રાંગણમાં યોજિત સભામાં પધારી આરતી અર્પણ કરી, દિવાળી પર્વની માફક આતશબાજી કરી, દીવા પ્રગટાવી આશીર્વાદ આપ્યા.

**૨૩ જાન્યુઆરી, મંગળવાર...** સવારે અક્ષરનિવાસી સદ્‌ગુરુ સાધુ પ.પૂ. બૅરિસ્ટરદાદાની અંતિમવિધિમાં પ્રથમ 'પરિમલ' સંતનિવાસમાં અને ત્યારબાદ મંદિરજીના પ્રાંગણમાં પધારી, પૂજન-પ્રાર્થના-વંદના ધરી આશીર્વાદ આપ્યા. સાંજે બ્રહ્મસ્વરૂપ યોગીબાપાની સ્મૃતિમાં યોજેલ વિશિષ્ટ કીર્તનસંધ્યામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણી આશીર્વાદ આપ્યા.

**૨૪ જાન્યુઆરી, બુધવાર...** બ્રહ્મજ્યોતિ પર યુ.કે.થી પધારેલ વિજયભાઈ અને ભીખુભાઈને મુલાકાત તથા સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપી આશીર્વાદ આપ્યા. પોષ સુદ પૂર્ણિમા-વ્રતધારી સંતોના દીક્ષાદિન નિમિત્તે 'ઉપાસના'માં યોજેલ વ્રતધારી સંતોની એક દિવસીય શિબિરના પ્રથમ સત્રમાં પધારી આશીર્વાદ આપ્યા. સાંજે વલ્લભવિદ્યાનગરમાં Waymade Collegeમાં પધારી મુખ્ય દાતાશ્રીઓ વિજયભાઈ અને ભીખુભાઈનાં માતુશ્રી પૂ. શાંતાબાની મૂર્તિનું અનાવરણ કર્યું. સાંજે 'ઉપાસના'માં વ્રતધારી સંતોની શિબિરના દ્વિતીય સત્રમાં પધારી સૌ સંતોને આશીર્વાદ આપ્યા.

**૨૫ જાન્યુઆરી, ગુરુવાર...** પોષીપૂનમના મંગલ પર્વે સવારે મંદિરજીની પાટોત્સવ વિધિમાં પધાર્યા. ત્યારબાદ આરતી અર્પણ કરી અને અન્નકૂટનાં દર્શન કર્યાં. શ્રી ગુણાતીત દીક્ષાદિન અને વ્રતધારી સંત ભાઈઓના દીક્ષાદિન નિમિત્તે 'વર્ણીકુંજ'માં યોજેલ ઉત્સવસભામાં પધારી અદ્‌ભુત આશીર્વાદ પાઠવ્યા. 'અક્ષરમહોલ'માં નિત્ય રાત્રિસભામાં સત્સંગલાભ આપ્યો.

**૨૬ જાન્યુઆરી, શુક્રવાર...** ભારતના ૭૫મા પ્રજાસત્તાકદિન સાથે મહિલા સશક્તીકરણ દિન નિમિત્તે 'પ્રજ્ઞાનતીર્થ'માં યોજેલ ધ્વજવંદનના સમારંભમાં પધાર્યા. આ પ્રસંગે મુખ્ય મહેમાન શ્રીમતી

તરુબહેન (એલિકોન ગ્રુપ)ના વરદ હસ્તે ધ્વજવંદન કરી, તેઓને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો અને આ પ્રસંગે પધારેલ સૌને આશીર્વાદ પાઠવ્યા. સાંજે સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાના પ્રથમ 'શાશ્વત સ્મૃતિદિન' ઉપક્રમે 'વર્ણીકુંજ'માં યોજેલ 'સંત મહિમાવંદના' કાર્યક્રમમાં પધારી સંતો-ભક્તો દ્વારા સદ્‌ગુરુ સંત ભાઈઓનાં માહાત્મ્યની વાતો સાંભળી ખૂબ આનંદ અનુભવ્યો.

**૨૭ જાન્યુઆરી, શનિવાર...** સવારે સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાના પ્રથમ 'શાશ્વત સ્મૃતિદિને' વહેલી સવારે નૂતન સ્વરૂપે નિર્માણ પામેલ તેઓના સમાધિસ્થાને પુષ્પાંજલિ અર્પણ કરીને કીર્તનભક્તિ સાથે બ્રહ્મજ્યોતિ પરિસરમાં પ્રભાતફેરી કરી. 'વર્ણીકુંજ'માં શાશ્વત સ્મૃતિદિન નિમિત્તે યોજેલ સભામાં પધારી આશીર્વાદ આપ્યા. રાત્રે 'પારમિતા' સભાખંડમાં પૂ. શાંતિદાદાના સદ્‌ગુણો આધારિત વિડિયો નિહાળી, તેને તૈયાર કરનાર યુવા સંતો-ભક્તોનાં અભિવાદન કર્યાં.

**૨૮ જાન્યુઆરી, રવિવાર...** સવારે 'પ્રજ્ઞાનતીર્થ'માં 'શાંતિ યુવા મહોત્સવ'માં રમતોત્સવનો આનંદ માણી રહેલાં સૌ યુવાનો અને યુવતીઓને બ્રહ્માનંદ કરાવ્યો.

**૨૯ જાન્યુઆરી, સોમવાર...** સાંજે નિજ મંદિરે આરતીમાં પધારી ઉપસ્થિત સૌ ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું.

**૩૦ જાન્યુઆરી, મંગળવાર...** બપોરે સૌ સંતો-ભક્તો સાથે હરિધામ-સોખડા પધાર્યા. પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી અને સૌ સંતોના સ્વાગતભાવ ઝીલી મંદિરમાં શ્રી ઠાકોરજીનાં દર્શન અને આરતીનો લાભ લીધો. ત્યારબાદ સભામાં સૌને આશીર્વાદ આપ્યા.

**૩૧ જાન્યુઆરી, બુધવાર...** સાંજે ઉપાસના ધામ-અમદાવાદ મંદિર પાટોત્સવ ઉપક્રમે યોજેલ કીર્તનસંધ્યામાં પધારી કીર્તન-ભક્તિનો તથા સાંસ્કૃતિક કાર્યક્રમનો આનંદ માણી સૌ કલાકાર મુક્તોને આશીર્વાદ આપ્યા. રાત્રે પ્રશાંતભાઈ પોપટના ઘરે પધરામણી કરી જિતુભાઈ પોપટના નિરામય સ્વાસ્થ્ય માટે પ્રાર્થનાઓ કરી. ◆

## Sadguru Sant Param Pujya Shantidada !



*Sadguru Sant Param Pujya Shantidada ni Pratham Varshik Punya Tithi na Pay Laagan Sathe Bhavbharya Jai Shri Swaminarayan. Wrote a letter to P. Shantidada on this day. Felt like sharing it with you.*

**Dear Dada,**

From being a friend, to parent, grandparent, guru and a gunatit satpurush within whom Maharaj and Swami resides forever. You showed your true swaroop.

Today is your 1 year Punyatithi. It was one of the hardest day of my life when I found out that you left your physical body and went to Akshardham.

A transition from questioning, why you left to an understanding that you eternally resides within.

I don't have words to describe my emotions. Thank you for everything...! Prayers that I continue to do everything in my power to make you happy and that I can carry on your work.

Jay Shri Swaminarayan. ◆

***Rytham Vitthlani (Canada)***

## શું કહું રે વાત ! આજ પ્રગટ મળ્યા સાક્ષાત્



શું કહું રે વાત,
આજ પ્રગટ મળ્યા સાક્ષાત્
હૈયે કરી હેત અપાર
ઉતાર્યા ભવ-ભવને પાર
આજ પ્રગટ મળ્યા સાક્ષાત્

અંતરના તાપ શમાવી, ઉરે વસ્યા અમ ધનભાગ
આજ પ્રગટ મળ્યા સાક્ષાત્

જેનાં દર્શનને ભવ-બ્રહ્માદિક ઇચ્છે
એ તો સ્હેજે દર્શન સુખ અર્પે
આજ અમ પુણ્યનો નથી કોઈ પાર
આજ પ્રગટ મળ્યા સાક્ષાત્

અમ આતમ જ્યોત દિવ્યતાથી પ્રગટાવી
કર્યાં સહુને સુખિયાં અપાર
આજ પ્રગટ મળ્યા સાક્ષાત્

દાસના દાસ અમ હૃદયાધિરાજ
રાખજો અમને તવ શરણે મહારાજ
આજ પ્રગટ મળ્યા સાક્ષાત્

કરવા અનંત ચૈતન્યોનાં કલ્યાણ, ધર્યો મનુષ્યદેહ સહુ કાજ
આજ પ્રગટ મળ્યા સાક્ષાત્

અમારાં હૈયાંના હાર, સહુનાં પ્રાણ આધાર
તમને રાજી કરીએ એ જ અંતરની આશ
આજ પ્રગટ મળ્યા સાક્ષાત્

તું કર્તા તું જ હર્તા, હંમેશ લેવો બસ તારો જ આધાર
આજ પ્રગટ મળ્યા સાક્ષાત્

શું કહું રે વાત !
આજ પ્રગટ મળ્યા સાક્ષાત્

*~ ડૉ. ઋજુ વ્યાસ (ભારત)*